# અરવમાંથી આંદોલિત થતા મનોસંવેદનોના પડછાયા

'જિગીષા પાઠક' સાંપ્રત સાહિત્યમાં સશક્ત વાર્તાકાર તરીકે જાણીતું નામ છે. તેમનો આ પ્રથમ વાર્તાસંગ્રહ 'અરવ'થી આ વાત પુરવાર થાય છે. લગભગ ચાર-પાંચ વર્ષથી તેઓ નવલિકાઓ લખી રહ્યાં છે. તેમની કલમમાંથી ટપકતી વાર્તાઓના વિષયો નોખા-અનોખા હોય છે. તેમની ઘણી વાર્તાઓ મનોવૈજ્ઞાનિક વિષયની છે. માનવમનના અતલ ઊંડાણમાં ડૂબકી મારીને તેઓ તેના જટિલપણાની, કુંઠાઓની અને રાગ-દ્વેષની વાર્તાઓ લઈને આવે છે.

અંગ્રેજી ભાષાના લેખક મ્યુરિયસ રુકેસર (ધ સ્પીડ ઑફ ડાર્કનેસ) કહે છે, 'બ્રહ્માંડ વાર્તાઓથી બનેલું છે, અણુઓથી નહીં.' વિશ્વસાહિત્યમાં ટૂંકી વાર્તાએ સારું એવું કાઠું કાઢ્યું છે. દુનિયાની એવી કોઈ ભાષા નહીં હોય, જેમાં ટૂંકી વાર્તાઓ ન લખાતી હોય. માણસ બ્રહ્માંડના અણુઓથી બનેલો છે અને એ અણુઓ વાર્તામાંથી બનેલા છે. ખાસ કરીને વાર્તા લખતાં લેખકોનાં તો ખરાં જ. 'જિગીષા પાઠક' પણ વાર્તાઓના અણુઓથી બનેલાં છે.

તેમની વાર્તાના વિષયો સાથે તેનાં શીર્ષકો પણ વિચારપ્રેરક, વ્યંજનાત્મક, રંગદર્શી, સંવેદનાત્મક, ચૈતસિક અને આધ્યાત્મિક હોય છે. મોટા ભાગે તે એક જ શબ્દોના ટૂંકા હોય છે. શીર્ષકો આકર્ષિત અને નાવીન્યસભર હોય તો તે વાચકોને વાર્તા વાંચવા પ્રેરે છે. સંગ્રહનું શીર્ષક 'અરવ' પણ તેમની એક વાર્તાનું શીર્ષક છે. 'જિગીષા પાઠક' શીર્ષકો માટે સભાન છે.

જેટલું શીર્ષકો માટે લેખકને મમત્વ છે, તેટલું તેમને વાર્તાનાં પાત્રો પ્રત્યે નથી. તેમની ઘણી વાર્તાઓમાં નાયક-નાયિકાઓ કે અન્ય પાત્રોનાં નામ જ નથી. નામને બદલે તેમણે સર્વનામનો

ઉપયોગ કર્યો છે. કદાચ તેઓ નામમાં બંધાઈને તેમની વાર્તા કોઈ એક વર્ગ, પ્રદેશ કે દેશ માટે સીમિત કરવા નહીં માગતાં હોય!

તેમની વાર્તાઓની રસાળ શૈલીમાં પીઢતા અનુભવાય છે. વાર્તામાં ઓછાં અને ઓછું બોલતાં પાત્રો એ તેમની લાક્ષણિકતા છે. વાર્તાઓની રચનારીતિ અલગ તરી આવે છે. ઘટનાઓમાં તેમને રસ નથી પણ ઘટના પછીની ઘટનાઓ તેમને આકર્ષે છે. તેઓ ઘટનાનું તિરોધાન સરળતાથી કરી શકે છે. પરિવેશ અને ક્રિયાઓ થકી મજબૂત દૃશ્યો અને પાત્રો ઊભાં કરવાની હથોટી તેમણે કેળવી છે. કેટલીક વાર્તાઓમાં લલિત નિબંધની છાંટ વર્તાય છે.

'અરવ' વાર્તાસંગ્રહની અડધાથી પણ વધારે વાર્તાઓ મનોવૈજ્ઞાનિક વિષયની છે. આ વાર્તાઓમાં તેમણે ફૅન્ટસી, રૂપકો, જાદુઈ તત્ત્વો ને વિવિધ રચનારીતિ દ્વારા પ્રયોગો કર્યા છે. પ્રથમ સંગ્રહમાં જ આવાં પ્રયોગો કરવા માટેની તેમની હિંમત અને સમજ પ્રશંસનીય છે. આ પ્રકારની વાર્તાઓનો વાચકવર્ગ સીમિત હોય છે, કેમ કે આવી વાર્તાઓ સરળતાથી સમજાતી નથી. તેને ઉકેલવી પડે છે અને તે માટે એકથી વધારે વખત વાંચવી પડે છે. આ એક મર્યાદા છે.

આ પ્રકારની વાર્તાઓ લખવાની તેમને ગમે છે. કદાચ એ તેમની પોતાની જરૂરિયાત અને પસંદગી છે. એમાં કશું ખોટું નથી પણ એક વાત કહેવાની ઇચ્છા થાય છે. જો તેમને વિશાળ વાચકવર્ગ સુધી પહોંચવું હોય તો, તેમણે અભિધામાં ઘટનાપ્રધાન વાર્તાઓ પણ લખવી જોઈએ.

વિખ્યાત બ્રિટિશ લેખક અને 'હૅરી પૉટર' સિરીઝના સર્જક 'જે. કે. રૉલિંગ' કહે છે, "આપણે જે વાર્તાઓને સૌથી વધુ પ્રેમ કરીએ છીએ, તે આપણી અંદર કાયમ જીવંત રહે છે." 'અરવ'ની વાર્તાઓ પણ વાચકના મનમાં ઊંડી છાપ છોડી જતી સંવેદનશીલ વાર્તાઓ છે.

# અરવ

રાત જેમ-જેમ સરકતી હતી તેમ-તેમ અવાજો અંધારામાં ઓગળતા જતા હતા. એ અગાશીમાં ઊભો રહીને દૂરથી આવતા અવાજોને સાંભળી રહ્યો હતો. વાહનોના અવાજો સાવ ઓછા થઈ ગયા હતા. થોડે અંતરે આવેલાં ઝૂંપડાંઓમાંથી આવતો ગોકીરો વિખરાઈ ગયો હતો. આજુબાજુનાં ઘરોમાંથી આવતા છૂટાછવાયા સંવાદો પણ શમી ગયા હતા. રાત સાથે લગભગ બધું થીજી ગયું હતું. એણે દૂર-દૂર સુધી એવી રીતે જોયું જાણે અવાજનાં મોજાં એ જોઈ શકતો હોય! એની બેચેની વધતી જતી હતી. કોઈ અજ્ઞાત ભય એના પર તોળાતો હોય એવા ડરથી એણે ધીમું-ધીમું ગણગણવાનું શરૂ કર્યું અને આમતેમ આંટા મારવા લાગ્યો. મોબાઇલ હાથમાં લીધો પણ યાદ આવ્યું કે દીકરી સાથે વાત થયા પછી બૅટરી પતી ગઈ હતી. એણે થાકીને આરામખુરશી પર પડતું મૂક્યું અને શાલ ઓઢી લીધી.

ઠંડું અંધારું જાણે તેની ઉપલા માળની અગાશીમાં વધુ ઘેરું બનીને ઊતરી રહ્યું હતું. એનું ચાલે તો ચોવીસે કલાક દિવસ જ રાખે! રાત પડવા જ ના દે! પોતે આખો દિવસ શોરબકોરની નગરીનો રાજા હોત! એ એ જ અવસ્થામાં પડ્યો રહ્યો. એને ઊઠવાનું મન જરાય નહોતું થતું. બાજુમાં ટેબલ પર એંઠી થાળી હજુ એમની એમ હતી. હાથ પણ તેમાં જ ધોયા હતા. એણે શરીરને હલાવવાનો પ્રયત્ન કરી જોયો, સહેજ ઊઠવા ગયો પણ

ધબ દઈને આરામખુરશીમાં પછડાયો! વળી, અંદર રૂમમાં જઈને તો મનને ધીમું-ધીમું ખોતરી નાખતી શાંતિ જ હોય છે ને! એણે પગ શાલની અંદર ખેંચી લીધા. આ એનો રોજનો ક્રમ હતો. સંધ્યાકાળ થાય એટલે એનું મન બેચેન થઈ જતું. એનામાં જાણે એક વિચિત્ર પ્રકારની ઉતાવળ આવી જતી. એ પાણીની બૉટલ તથા થાળીને ઢાંકીને ટેબલ પર મૂકી દેતો. ઓઢવા માટે શાલ અને રજાઈ પણ એ બહાર અગાશીમાં રાખેલ એક જૂના કબાટમાં જ મૂકી રાખતો!

આકાશમાં જોતો એ ક્યાંય સુધી જાગતો રહ્યો. કોઈક અવાજ સાંભળવા માટે કાન સરવા કર્યા પણ ખાસ કંઈ સંભળાયું નહીં. દૂર સુધી ફક્ત કાળી નીરવતાનું રાજ હતું! શાલ સહેજ સરખી કરી એમાં નીચે મૂકેલો ગ્લાસ ગબડીને દીવાલ પાસે જઈને અથડાયો. તેનો ખણખણાટ બંધ થયા પછી પણ એ એને મમળાવતો રહ્યો, કદાચ ઊંઘ આવી જાય! પણ ઊંઘ તો કયા ખૂણે અટવાઈ હતી કે આવવાનું નામ જ નહોતી લેતી! અચાનક એ ઊભો થયો અને અંદર ગયો, પછી પાછો આવ્યો ત્યારે એના હાથમાં ઘડિયાળ હતી. આમ તો એણે અહીં બહારની દીવાલ પર જ પક્ષીના અવાજવાળી ઘડિયાળ રાખી હતી, જે સમયસર બહાર આવીને ટહુકી જતી પરંતુ થોડા વખતથી એ બગડી હતી. એણે રૂમમાંથી લાવેલી ઘડિયાળ ટેબલ પર મૂકી દીધી. એનો ધ્વનિ શાંત વાતાવરણમાં વધુ સ્પષ્ટ આવતો હતો. ટીક... ટીક... ટીક... ટીક... એને એવું થયું કે ભયાનક શાંતિમાં ચોસલાં પાડીને તેમાં અવાજ ભરી દે! એ પડખાં ઘસતો રહ્યો. થોડી વાર પછી દૂર મસ્જિદમાં અઝાન શરૂ થઈ. ધીમે-ધીમે રસ્તાઓ પર વાહનોની થોડી અવરજવર ચાલુ થઈ. વહેલી સવારના આછા અજવાળા સાથે ફરી એક નવા દિવસે ડોકિયું કર્યું. દૂધવાળા તથા છાપાવાળાની ગતિવિધિઓથી દિવસ ગતિમાં આવી ગયો. મંદિરમાં ઘંટારવ શરૂ થયો અને એના ચહેરા પર શાંતિ પથરાઈ ગઈ. એના પોપચાં ઢળી પડ્યાં.

આંખો ખૂલી ત્યારે તડકો છાંયડામાં ફાટ શોધીને પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. અવાજોની દુનિયા ધમધમતી હતી. એ

ઊઠ્યો ત્યારે એના ચહેરા પર રાહતભર્યું સ્મિત આવી ગયું! એ ફટાફટ ઊભો થયો અને આસપાસનું બધું સમેટવા લાગ્યો. વાસણો લઈને સિંકમાં મૂકી દીધાં. પત્નીના ગયા પછી ઉપલા માળે જ વધુ સમય વિતાવવાની એને આદત પડી ગઈ હતી. સમય મંથર ગતિએ ચાલી રહ્યો હતો. આમ તો પત્ની અને દીકરી હતાં ત્યાં સુધી તો બધાં નીચેનાં ઘરમાં રહેતાં, ત્યારે તો પિતા પણ હયાત હતા. આખો દિવસ ઘરમાં રોનક રહેતી હતી. જોકે તે વખતે તો ઘર ફક્ત ઑફિસથી આવવા-જવા વચ્ચેનું માત્ર એક ઠેકાણું હતું! બધાંએ ધીમે-ધીમે એક પછી એક વિદાય લીધી હતી. દીકરી બીજા શહેરમાં પરણી હતી. શરૂઆતમાં તો એ કોઈક ને કોઈક સગાસંબંધીને ત્યાં જઈ ચડતો. દુકાનોમાં તથા ફેરિયાઓ સાથે પણ વાતો લંબાવીને કરતો! કોઈક અજાણ્યા સાથે પણ ચઈને વાત છેડતો. એ સમય સાથે ચાલવાનો નહીં, દોડવાનો પ્રયત્ન કરતો તોય પાછળ જ રહી જતો! હાંફી જતો!

એ પછી તો ચારે તરફથી શાંતિ એને ઘેરી વળતી. એને એવું લાગતું કે એ નીરવતામાં પોતે ઓગળી જશે, ક્યાંક ખોવાઈ જશે અને કોઈને ખબર પણ નહીં પડે! દીવાલોમાંથી એકસાથે અસંખ્ય હાથ નીકળશે અને એને ભીંસી નાખશે એવું લાગતું! એનો શ્વાસ રૂંધાતો. રાતોની રાતો ઊંઘ્યા વિના પસાર થઈ જતી. એ આખો દિવસ ટીવી ચાલુ રાખતો! ઘોંઘાટ થાય એ રીતે કામ કરતો. એ બને તેટલા મોટા સ્વરે ગાતો. એ ફોનમાં જોઈને આંખોને થકવી નાખતો! તે પછી વિચિત્ર શાંતિ એને અંદરથી ખલાસ કરી નાખે એ પહેલાં એ અગાશીમાં બનાવેલી એક નાનકડી રૂમમાં આવીને રહેતો થયો હતો. થોડી જરૂરી ચીજવસ્તુઓ હાથવગી રાખી હતી. અહીં આવીને એને થોડી રાહત અનુભવાતી હતી. અહીંથી એ બધું દૂર સુધી જોઈ શકતો. બધું ભર્યું-ભર્યું લાગતું! જોકે તોય આખું ઘર એને જાણે ચુપકીદીના ભયાનક પાયા પર ચણાયું હોય એમ લાગતું! એને પોતાના કાન પર શંકા થતી. એ વારંવાર કાન સાફ કરતો.

રોજની જેમ એ ઝડપથી તૈયાર થઈને નીચે ઊતર્યો. ત્યાં બંધ પડેલા ઘરના દરવાજા તરફ નજર એ રીતે કરતો જાણે બીજા કોઈનું હોય! ઘર પસાર થયેલા સમયનો પુરાવો આપતું હતું. સમારકામ માગતું હતું પણ કામ સિવાય એ ઘરનું તાળું ખૂલતું નહોતું. અને એ જાણતો હોવા છતાં એણે નજર ફેરવી લીધી અને ત્યાંથી નીકળી ગયો. વાહનોની અવરજવર ખાસ્સી હતી. એ રસ્તા પર પોતાની ધૂનમાં ચાલ્યો જતો હતો. એ ચાર રસ્તે પહોંચ્યો ત્યારે ફોનની રિંગ વાગી, એ ઉઠાવવા ગયો ત્યાં મોત એની લગોલગ આવીને ક્યારે ઊભું રહી ગયું તેની ખબર જ ના રહી! ટ્રક-ડ્રાઇવરે જોરથી બ્રેક મારી. ચીંઈ...ઈ...ઈ...કરતો બ્રેકનો ભયંકર અવાજ અને તેની સાથે ટ્રકની પાછળ આવતાં બે-ત્રણ વાહનોનું સંતુલન ખોરવાતાં વાતાવરણ ધ્રૂજી ઊઠ્યું. એ ત્યાં જ સજ્જડ થઈ ગયો. એના આખા શરીરમાં ભયની ધ્રુજારી ફરી વળી. એની આંખો ફાટી રહી ગઈ. હૃદયના ધબકારા એના મગજમાં ધમ...ધમ હથોડાની જેમ ઝીંકાતા હતા! રોડ પર ટોળું જમા થઈ ગયું. એ એટલો સ્તબ્ધ થઈ ગયો હતો કે કોઈકે તેને ઢંઢોળ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે પોતે હજુ જીવે છે! વાહનોનાં તથા લોકોનાં ટોળાંમાં ઘોંઘાટ સાથે અફરાતફરી મચી ગઈ! આખું વાતાવરણ ભયના ઓથાર નીચે આવી ગયું. એના કાનમાં ઝીણી વ્હિસલ સાથે ધાક પડી ગઈ! એણે જોરથી કાન બંધ કરી દીધા. પછી ટોળાંની વચ્ચેથી ઓચિંતી ઘર તરફ દોટ મૂકી. એ દોડતો રહ્યો.

ઘરે જઈને એ સીધો ઉપરના માળે પહોંચ્યો. એનો શ્વાસ ચડી ગયો હતો! જેમતેમ દરવાજો ખોલીને એ અગાશીમાં ખુરશી પર બેઠો. શરીરમાં જાણે લાવા દોડતો હતો. હજુ પણ એ સખત ધ્રૂજી રહ્યો હતો. હવામાં જાણે સીસું ભળીને એના કાનમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતું હતું! એને કાનમાં સહેજ ભીનાશ લાગી. એણે જોયું તો હાથમાં લોહી હતું! એને ધ્રાસકો પડ્યો! એણે શાલને શરીરની ફરતે વીંટી અને ધ્રૂજતા હાથે માંડ દરવાજો બંધ કર્યો. એ બેડ પર જઈને આડો પડ્યો. એ ક્યાંય સુધી કણસતો રહ્યો. થોડી વારે

શ્વાસ હેઠો બેઠો પછી પાણી પીને રૂનાં પૂમડાં કાનમાં ખોસીને ટૂટિયું વાળીને સૂઈ ગયો. એ ઊંઘમાં પણ કશુંક બબડતો રહ્યો!

એ સવારે ઊઠ્યો ત્યારે શરીર તપતું હતું. એનું માથું ભારે થઈ ગયું હતું. સખત થાક વરતાતો હતો. એણે કાનમાંથી રૂનાં પૂમડાં કાઢ્યાં પણ તે સાવ કોરાં હતાં. તેના પરથી લોહીના ડાઘ ગાયબ થઈ ગયા હતા! એનું મગજ એ તરફ વિચારે તે પહેલાં કશોક અવાજ સંભળાયો, એ સહેજ ચિડાઈ ગયો. એ પથારીમાંથી માંડ ઊભો થયો અને એ દિશામાં ગયો. ત્યાં નળ ટપકતો હતો, એણે જોરથી બંધ કર્યો. એ કાનને પંપાળતો રહ્યો. એના હાથ સહેજ અટક્યા અને એને એવો ભાસ થયો જાણે બહારના બધા ધ્વનિ એની શ્રવણશક્તિ ક્ષીણ કરી નાખશે! કોલાહલ કરચો બનીને અંદર ફસાઈ ગયો હોય એમ એ કાનમાં આંગળી ખોસીને ખંખેરતો રહ્યો! એણે રૂનાં પૂમડાંનો હવામાં ઘા કર્યો અને દરવાજો બંધ કરીને દાદર ઊતરી ગયો.

નીચેના માળે જઈને એણે તાળું ખોલ્યું ને અંદર આવીને ઝડપથી દરવાજો બંધ કરી દીધો. બહારના અવાજો હવે ઓછા સંભળાતા હતા. છતાંય કાનમાં કોઈ ધીમું-ધીમું ગણગણતું હોય એવું કેમ લાગતું હતું? એને અકળામણ થઈ. એ આસપાસ જોવા લાગ્યો. એની નજર સામેની દીવાલ પરના પત્નીના ફોટા પર પડી, એણે આજુબાજુ નજર દોડાવી. પછી ઊભો થઈને એક કપડું લઈને આવ્યો અને ફોટા પર ઢાંકી દીધું. અહીં એનો દરવાજો સતત બંધ રહેતો. દરવાજા નીચેની ફાંટ પણ એણે જૂના કપડાથી પૂરી દીધી હતી! હવે એની સાથે ઘરે પણ લગભગ મૌન ધારણ કરી લીધું હતું! ટીવી હવે ચાલુ નહોતું થતું. મોબાઇલ પણ સાઇલેન્ટ મોડ પર રહેતો. એ બધું જ કામ હળવેથી કરતો. કામ સિવાય એ બહાર જતો નહોતો. ગાવાનું કે ગણગણવાનું સુધ્ધાં બંધ કરી દીધું હતું તે છતાંય ભીતર કયાંક કોલાહલ ખળભળતો રહેતો! એ ક્યારેક ઊંઘમાં ઝબકી પણ જતો! એની જીભ સળવળતી પણ શબ્દો ક્યાંક અંદર અટવાયા કરતા!

લાંબા સમયથી આ મથામણ ચાલતી રહેતી. દિવસ પર દિવસ ફક્ત પસાર થઈને લદાતા રહેતા! સંધ્યાકાળે એ એની આરામખુરશી પર શૂન્યમનસ્ક બેઠો હતો. બહારથી તોફાનના અણસાર વરતાયા. એણે ઊભા થઈને બારી ખોલીને જોયું તો વાદળાં ઘેરાઈ ગયાં હતાં. મેઘગર્જનાઓ થતી હતી. ધીમો વરસાદ શરૂ થઈ ગયો હતો. એણે આકાશ તરફ જોયું. વીજળીનો ચમકારો થયો. એ સાથે જ એની આંખોમાં કંઈક ચમક્યું! ઘરની બહાર પડેલા ઓટલા પરના જૂના સામાનમાં ઊંધી પડેલી નાનકડી માટલી પર વરસાદના છાંટા જોરથી ટકરાઈને અવાજ ઊભો કરતા હતા. એ દરવાજો ખોલીને બહાર નીકળ્યો અને માટલી છતી કરી, ઉપર આકાશમાં જોયું. પછી માટલીમાં પડતાં વરસાદનાં ફોરાં તરફ નજર કરી અને અંદર આવી ગયો. દરવાજો બંધ કર્યો ત્યારે ઘણા સમય પછી તેના ચહેરા પર સ્મિત આવ્યું.

જેના તરફ એ નજર સુધ્ધાં નાખતો નહોતો એ ભોંયરા પર ધ્યાન ગયું, ત્યાંથી કોઈ હળવો ધ્વનિ આવતો હતો. એ ખચકાઈને અટક્યો. પછી એ તેના તરફ ખેંચાતો ગયો. બાજુમાં ખીંટી પર લટકતી ચાવી લઈને, એ તેના તરફ આગળ વધ્યો. એના શરીરમાં એક વિચિત્ર કંપ પસાર થઈ ગયો. એણે કટાયેલું તાળું ખૂબ જોર કરીને ખોલવાનો પ્રયત્ન કર્યો પણ ખૂલ્યું નહીં. સહેજ વિચાર કરીને એ રસોડામાં ગયો, ત્યાં પડેલો જૂનો પથ્થર લઈ એણે તાળું તોડી નાખ્યું. એણે ટૉર્ચ લીધી. દરવાજો જડબેસલાક રીતે બંધ હતો પણ આજે એનામાં કંઈક વિશેષ તત્ત્વ જાગ્રત થયું હતું, જે એની પાસે કોઈ પણ સાહસ ખેડવા માટે તત્પર બનાવી રહ્યું હતું. એણે બને તેટલું જોર લગાવ્યું. ધડ દેતાંને દરવાજો ખૂલી ગયો. ધૂળ અને જાળાંઓ તેના પર ઝળૂંબ્યાં. ટૉર્ચના અજવાળામાં એણે બધું ખસેડીને સહેજ થડકાર સાથે નીચે તૂટેલા પગથિયે પગ મૂક્યો અને તરત જ પાછો ખેંચી લીધો. પેલો સૂર તેને વેણુનાદ જેવો લાગતો હતો. એણે નીચે ઊતરવાનું શરૂ કર્યું. અંધારામાં એનો પગ સહેજ લપસ્યો, એ પડતાં બચી ગયો. હાથમાંથી ટૉર્ચ છૂટીને

નીચે પડી ગઈ. દીવાલ પર હાથ મૂકતાં એ ટેકે-ટેકે આગળ વધતો ગયો તેમ-તેમ એના પગને અંદાજ આવતો ગયો. ટૉર્ચના પ્રકાશના ચકરડામાં એની આંખો ખોવાયેલી કોઈક કીમતી ચીજ શોધતી હોય એમ બધે ફરી વળી! એના પગ સાથે કશુંક અથડાયું અને એ બેસી પડ્યો. એણે આંખો બંધ કરી દીધી. ધીમે-ધીમે એ સ્થિર થતો ગયો. એનો શ્વાસ લયબદ્ધ થતો ગયો. એ ઊંડે-ઊંડે ઊતરતો ગયો. એનું શરીર શિથિલ થતું ગયું. એની ભીતર પ્રકાશની રેખા ખેંચાઈ. અહીં કશું જ નહોતું! હતી તો માત્ર પ્રશાંતિ!

*સપ્ટેમ્બર ૨૦૨૪ના ‘એતદ્’માં પ્રકાશિત*

# મધુમાલતી

આજે તો પવન નહોતો એટલે હું ઘરની અંદર ચાલતી ધમાલને એકધારી જોયા કરતી હતી. મારે બીજું કામ પણ શું? પવન હોય તો તો વાત જ જુદી! એય ને લહેરાતી જાઉં અને આમતેમ નજર કરતી રહું! આમ તો ઘરની આસપાસના લગભગ દરેક ભાગમાંથી એ મને દેખાય પણ જ્યારે મારી પાસે આવીને વાતો કરે તેની તો જાણે વાત જ જુદી! આખરે એ દેખાઈ ખરી...

'હાશ...' બોલતાં એ હીંચકા પર ચાનો કપ અને છાપું લઈને બેઠી. એણે સાડીના પાલવથી મોઢું લૂછ્યું અને ચા પીતાં છાપું વાંચવાનું શરૂ તો કર્યું પણ એનો બળાપો તો ચાલુ જ હતો.

'સવારનો ટાઇમ તો એટલો ઝડપથી જાય છે કે શ્વાસ લેવાનીય ફુરસદ ના હોય! ચા સુધી પહોંચતાં તો જાણે કેટલું પાર કરવું પડે છે! થાકી જવાય છે.'

કપ બાજુમાં મૂકીને કશું શોધતી હોય એમ એ આસપાસ જોઈ રહી. એની આંખોનો ખાલીપો આખા કમ્પાઉન્ડમાં વિસ્તર્યો. પગ પર હાથ પસવારીને એ ઊભી થઈ. ઉકળાટ વાતાવરણમાં હતો કે પછી પોતાની અંદર, એ સમજી શકી નહીં. એ ફૂલછોડને પાણી આપવા લાગી. આ એનું મનગમતું કામ. એનો બધો જ થાક ઊતરી જાય. પહેલાં તો સૂકી ક્યારીમાં એકાદ-બે રડ્યાંખડયાં છોડ સિવાય કંઈ જ હતું નહીં. માનસીના આવ્યાં પછી બધું હર્યુંભર્યું થયું હતું. હા, એનું નામ માનસી. એની મહેનત અને જતનથી આજે

આખી ક્યારી ફૂલછોડથી લહેરાતી હતી. સાફસફાઈ, ખાતર, ટ્રીમ કરવું એ બધું તે સરસ રીતે કાળજીથી કરતી હતી. તેમાંય સૌથી વધુ વિસ્તારમાં ફેલાયેલી હું, તેની ખૂબ પ્રિય. જોકે મને પણ આખા ઘરમાં એ જ વધારે ગમે! ગેટથી શરૂ થઈને, ક્યારીમાં જ્યાં જગ્યા મળે ત્યાં બધે અને ખાસ તો માનસીના મન પર મારું જ રાજ હતું. અગાશીમાં ઉપરથી આખો વરંડો ઢાંકીને હું ગરમીથી બચાવતી. છેક પાછળ રસોડા સુધી નીચેની તરફ નમીને બારીમાંથી ડોકાયા કરું. હીંચકા પાસે તો હું એવી ઝૂકી જતી જાણે માનસી મારી કોઈ અંગત હોય! એ પણ મારી સાથે હોય ત્યારે કંઈ જુદી જ હોય! હીંચકા પર બેસે એટલે માનસી એક નવી જ દુનિયામાં પ્રવેશ કરે. અમારા બંનેની ગોઠડી શરૂ થઈ જાય! એટલે આમ તો માનસી બોલતી હોય અને હું જ સાંભળતી હોઉં પણ બંનેને એકબીજાની આદત પડી ગઈ હતી. ક્યારેક તો એવું લાગે જાણે એ પણ મને સાંભળે છે!

'આજે તો મોડું થઈ ગયું નહીં? હીંચકા પર બેસતાં બોલી.

'શું થાય પણ કેટલાં બધાં કામ એકલા હાથે કરવાનાં! ટિફિન, લંચબૉક્સ, સાફસફાઈ, ઘરનું, બહારનું અને પાછાં બધાંને સાચવવાનાં બોલ! પણ આ બધું કોને કહું તારા સિવાય?'

એની આંખોની વેદના મારી અંદર ઊતરી આવી. હુંય બે ઘડી સ્થિર થઈ ત્યાં એને ઘરમાંથી બૂમ સંભળાઈ એટલે એ સહેજ ચમકી,

'એ હા આવી... જોયું તેં, બાને તો જંપ જ નથી, ચાલ ત્યારે પછી વાત કરું.'

એ ઘરમાં દોડી ગઈ. મેં બારીમાંથી અંદર નજર કરી. ઘરમાં આવતાં જ એ બાકીનાં કામ ફટાફટ આટોપવા લાગી. વાસણ સિંકમાં મૂકતાં બોલી,

'શું કહેતાં હતાં બોલો હવે! પૂજાનું બધું ત્યાં મંદિર પાસે મૂક્યું જ છે જુઓ, પ્રસાદ બાકી રહી ગયો નહીં? તમે પૂજા તો કરતાં

થાવ, હું આપી જાઉં...' ઉતાવળમાં એના હાથમાંથી વાડકી છટકી ગઈ. છૂટી ગયેલા વાળને ઉપર બાંધ્યા પછી સહેજ અટકી ગઈ, એણે પાછળ ફરીને જોયું,

'કેમ મોડી આવી આજે મીના? તારે રોજનાં બહાનાં હોય, ચાલ, હવે ઉતાવળ રાખ, બીજાં પણ કામ છે મારે અને પછી છોકરાઓના આવવાનો ટાઇમ થઈ જશે!'

મીના તેને ચૂપચાપ જોઈ રહી. માનસી પ્રસાદની વાડકી લઈને મંદિર પાસે ગઈ અને પૂજાની સામગ્રીમાં મૂકીને ભગવાનને બે હાથ જોડીને ઝપાટામાં પાછી ફરી. બપોર થતાં સુધીમાં તો એનો રઘવાટ આખા ઘરમાં પથરાઈ ગયો. ઝાંપો ખખડવાનો અવાજ આવ્યો એટલે રસોડામાંથી હાથ લૂછતાં બહાર આવી અને દરવાજા તરફ જતાં તો એનો ચહેરો ખીલી ઊઠ્યો. રૂમાલને કમર પર ખોસીને વહાલથી હાથ ફેલાવીને એ આગળ વધી. એને જોઈને મનેય થોડી રાહત થઈ.

'ઓહ, આવી ગયા? જાવ તો ઝટ હાથપગ ધોઈ લો, બેસી ના રહેશો પાછા ટીવી સામે!'

એ ડાઇનિંગ ટેબલ પર બધી તૈયારી કરવા લાગી. સરસ મજાની વાનગીઓથી ઘર મઘમઘતું હતું. કચુંબર સમારતાં એણે મંદિરના રૂમ તરફ જોઈને બાને પણ બોલાવ્યાં. બહારના રૂમમાં જોયું તો ટીવી ચાલુ હતું. એ અકળાઈને રિમોટ લેવા જતી હતી ત્યાં રસ્તામાં પડેલી સ્કૂલબૅગ સાથે અથડાઈને પડતાં-પડતાં માંડ બચી.

'આ તમારી બૅગ તો ઉપાડો! ચાલો ઊઠો જોઈએ પહેલાં કપડાં બદલો...જાવ!'

એનો અવાજ થોડો મોટો થઈ ગયો. એ બૅગ ઉપાડવા નીચી નમી પણ હાથમાં કંઈ આવ્યું જ નહીં, એ ફર્શ પર હાથ પસવારતી બેસી રહી. થોડી વારે ભાનમાં આવી હોય એમ રિમોટ લીધું અને ટીવી બંધ કરવા બટન દબાવવા ગઈ ત્યાં ખ્યાલ આવ્યો કે એ તો બંધ જ હતું! અને એ રિમોટ સોફા પર પછાડીને અંદર ચાલતી થઈ.

'બા, ચાલો જમવા હવે કેટલી વાર છે?'

એ મંદિરના રૂમ તરફ તાકી રહી.

માનસીના ઘરની આ રોજની રામાયણ પણ એને તો આમાં ખૂબ આનંદ આવતો! બપોરે તો પરવારીને મારી પાસે આવીને બેસવાનો જાણે રોજનો નિયમ. હું અને માનસી બંને ભરપૂર ખીલ્યાં હોય! એય ને અલકમલકની વાતો જામી હોય! આમ તો દિવસમાં જ્યારે સમય મળે ત્યારે એ મારી સાથે વાતો કરી જ લેતી.

'આજે તો તું સરસ મજાની ખીલી છે ને કંઈ? તડકામાં તો વધારે સુંદર દેખાય છે! હું કેવી લાગું છું એ તો કહે? અખિલ તો કહેતા હતા કે આ સાડીમાં તું બહુ જ સરસ લાગે છે!'

એ મલકાઈ ત્યારે મારા ગુલાબી, સફેદ બધાય રંગ એના ચહેરા પર આવી ગયા. એ વાળની લટ સાથે રમત કરતાં કહેતી જતી હતી,

'આમ તો એમનો સ્વભાવ સારો હોં... ખાસ કંઈ મગજમારી નહીં. હા, જરા ઓછું બોલે પણ એટલું તો ચાલે નહીં? એમ જોવા જાવ તો મારે એવી કોઈ તકલીફ નહીં!' આટલું કહીને એ એટલું હસી કે આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે મને હાથ ફેલાવીને બાથ ભરીને શ્વાસમાં ભરી લીધી. હું ગૂંગળામણ વચ્ચે એને જોતી રહી. વળી પાછી એના ચહેરા પરની રેખાઓ તંગ થવા લાગી!

'અરે... કેટલા વાગ્યા! છોકરાઓ ઊંઘીને ઊઠશે એટલે પછી ધમાચકડી ચાલુ. તું જાણે છે ને? મારો નાનકો છે ને, એને ભણવાનું ઓછું ગમે! બહુ ધમાલિયો! ઘરમાં પગ મૂકતાંમાં બધું અસ્તવ્યસ્ત કરી નાખે. મોટો પહેલેથી થોડો સમજુ પણ નાનાને તો હું ના દેખાઉં એટલે બાનું માથું ખાઈ જાય કે મમ્મી ક્યાં છે? જો... જો એણે બૂમ પાડી...'

'આ રહી... આવું આવું બેટા, જો કહેતી હતી ને? મારા નામની બૂમ પડશે જ...!'

એ ઉત્સાહથી સાડીનો છેડો કમરે ખોસીને અંદર જતી રહી. હું વિમાસણમાં આમતેમ ઝૂલતી રહી. અટવાતી રહી. સાંજે એ અરીસા સામે ઊભી-ઊભી તૈયાર થતી હતી ત્યાં ચાંદલો ઊખડી ગયો. એણે ફરીથી કપાળ પર ચાંદલો લગાવીને સહેજ દબાવીને થોડી ક્ષણો માટે એની આંગળીઓ ત્યાં જ સ્થિર કરી. બહારથી ગાડીનો અવાજ સાંભળીને તે સાડીનો છેડો સરખો કરતાં બોલી,

'જુઓ તો બેટા... પપ્પા આવી ગયા લાગે છે.'

ડ્રૉઇંગરૂમમાં પ્રવેશતાંની સાથે જ એ કહેવા લાગી,

'હા બા... યાદ છે મને, આજે એમનું મનપસંદ જ બનાવ્યું છે બધું! અને હા, છોકરાઓ આપણે પપ્પાને સરપ્રાઇઝ આપીશું હોં, પાછું બોલી ના પડતાં કોઈ...! એણે નજીક જઈને ફરીથી કહેવા માંડ્યું પણ જાણે એના શબ્દો તો દીકરાઓના કાન સુધી પહોંચતા જ નહોતા!

રાતે હીંચકા પર બેઠી હતી ત્યારે એણે પૂછ્યું,

'ગિફ્ટ કેવી લાગી? ગમી ને અખિલ?' એના હાથ હીંચકા પર ફરતાં કંઈક પકડવા મથી રહ્યા હતા!

હું પણ આટલા સમયથી આવી વાતોની સાક્ષી તો ખરી જ ને! નીચી નમીને એની વાતો સાંભળવાનો પ્રયત્ન કરતી હતી. માનસીએ તો પોતાનો અવાજ પણ સાવ ધીમો કરી નાખ્યો! મેં એનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ આજે તો તે સાંભળતી જ નહોતી! એની આંખોમાં લાગણીઓનું પૂર ઊમટ્યું હતું. એ ઊભી થઈને અંદર જતી રહી. આવી સુંદર પળોને અને મહોરી ઊઠતી વસંતને મેં એના ચહેરા પર કેટલીય વાર જોઈ છે. ફરી પાછી એ જ રોજિંદી ઘટમાળ. માનસી અને હું. હું પણ માનસી સાથે ખુશ થતી ત્યારે કંઈક વધારે લહેરાતી! આમ જુઓ તો બંને સરખાં જ ને? જેમ હું ઓછી મહેનતે અને કાળજીએ વધુ વિસ્તરી તેમ માનસીએ પણ ક્યાં કંઈ વધુ આશા રાખી હતી અને છતાંય ઘરનો દરેક ખૂણો એનાથી જ ધબકતો હતો!

એ ઘરમાં કામ કરતી હતી અને દરવાજો ખખડ્યો.

'અત્યારે કોણ હશે?' બબડતી એ બહાર આવી. મને થયું હવે તો એનો મૂડ બગડવાનો...

દરવાજો ખોલ્યો તો પાડોશમાં રહેતા ભાઈ ઊભા હતા.

'તે દિવસે તમે નહોતાં તો તમારું લાઇટબિલ મેં લીધું હતું.'

એ વધુ વાત કરવાનો પ્રયત્ન કરવા જાય એ પહેલાં માનસી ચૂપચાપ લાઇટબિલ લઈને દરવાજો બંધ કરીને અંદર જતી રહી. એને એ માણસ તરફ અણગમો હતો. પાછો એ પંચાતિયો પણ ખરો એટલે માનસીને લપ લાગતો. સાંજે ટીવી જોતી વખતે જ એણે વાત કાઢી,

'અખિલ, એ માણસ મને જરાય ગમતો નથી. એ જાણીજોઈને જ આવ્યો હશે, લાઇટબિલ આપવા.' શબ્દો હવામાં ફેંકાઈને તેની તરફ પાછા વળીને ઘેરી વળતા હતા છતાંય એ બોલતી રહી.

'તો શું... પૂછો બાને, થોડા દિવસ પહેલાં પણ આવ્યો ત્યારે કેવો ઘરની અંદર નજર ફેરવતો હતો! મને તો સાવ વિચિત્ર લાગે છે એ! બાને પણ ખબર જ છે. સમજ્યા હવે? એને તમે જ કહી દેજો.'

જવાબમાં એ જ ભારેખમ શાંતિ ઘૂંટાઈ એટલે તે કંટાળીને ઊભી થઈ. એની આંખોમાં મારાં ફૂલોના બદલાતા ઘેરા રંગ જેવી ઉદાસી ઘૂંટાતી હતી. એ બહાર આવી ગઈ. સીધી દોડતી પગથિયાં પર આવીને મારી લગોલગ બેસી ગઈ અને ઊભરો ઠાલવ્યો.

'ખરાં છે આ મા-દીકરો! તું જ કહે આવું ચાલે ખરું? કંટાળો તો આવે ને કોઈ વાર? આ બા પણ પોતાના છોકરાને કંઈ જ ના કહે!'

થોડી વાર એ સૂનમૂન બેસી રહી. મને એના ચહેરા પરની લાચારી જોઈને બહુ દુઃખ થયું પણ એને કેવી રીતે સમજાવું!

વળી પાછી કોઈ બૂમનો અણસાર આવતાં તેના ચહેરા પરના હાવભાવ બદલાયા! ખબર નહીં કેમ પણ મને એ અવાજો નહોતા સંભળાતા! તે કહેવા લાગી,

'હા, આવી એક મિનિટ. સાંભળ્યું તેં? અખિલને તો કોઈ વસ્તુ દેખાય જ નહીં! એને મારા વગર કંઈ મળે જ નહીં. જોકે મનેય ક્યાં એના વિના ગમે છે કશું?' એ હસી પડી અને પાછી મને હાથ પસવારીને કહેતી ગઈ,

'તને શું થયું છે તે આમ કરમાતી જાય છે!'

હું શું જવાબ આપું?

હું તો સ્થિર થઈને મૌન થઈ જતી! અંધારામાં તો એમ પણ હું અને માનસી સાવ સરખાં! તે દિવસે મને કહેતી હતી...

'તને ખબર છે ક્યારેક તો મને એવું લાગે છે કે હું પણ તારા જેવી મધુમાલતી જ છું! તારાં સફેદ, ગુલાબી ઝૂમખાં મારી અંદર ખૂણેખાંચરે ઊગતાં રહે છે, તો ક્યારેક સુકાઈને ખરી પડે છે. તારાં પાંદડાંનો રંગ મારી નસોમાં વહે છે!'

તે વખતે ખુશ થવું કે દુઃખી એ હું નક્કી જ ક્યાં કરી શકી હતી! અલબત્ત, એના ચહેરાની દરેક રેખાથી હું સારી રીતે પરિચિત હતી! એ કેટલીક વાર અટક્યા વગર સતત બોલતી અને ક્યારેક કલાકો સુધી તદ્દન મૌન! અસંખ્ય શબ્દોનાં જાળાં એના ચહેરા પર રચાતાં તો પણ હોઠ ખૂલતા નહીં. જ્યારે એ બોલવા જતી ત્યારે ફક્ત ઊંડા નિશ્વાસ નીકળતા! તેના નિસાસા મને સ્પર્શી જતા, તે વખતે મારી અંદરનો ભેજ પણ સુકાઈ જતો!

હીંચકે બેસીને માનસી ફોન પર વાત કરતી હતી. ઝાંપા પાસે કોઈ અજાણ્યા પુરુષને ઊભેલો જોયો. એ સહેજ ખચકાઈ.

'અખિલ, કોઈ આવ્યું લાગે છે ખબર નહીં કોણ છે? આજે વહેલા આવજો, આપણે બહાર જવાનું છે.'

ફોન કટ કરીને એ ઊભી થઈ. એ માણસ ઝાંપો ખોલીને અંદર આવ્યો.

'તમે કોણ? આમ પૂછ્યા વિના અંદર કેમ આવી ગયા?'

'બહેન, હું વીમા કંપનીનો એજન્ટ છું. તમારા ફૅમિલીના ઍક્સિડન્ટનો વીમો પાસ થઈ ગયો છે, તેનો ચેક આપવા આવ્યો છું!'

માનસી તરફ ચેક ધરતાં એ તેને ધ્યાનથી જોઈ રહ્યો. માનસી સાડીના છેડાને મુઠ્ઠીમાં જોરથી મસળતાં કોરી આંખે મને જોઈ રહી ત્યારે ખ્યાલ આવ્યો કે હું ખરેખર મૂરઝાઈ ગઈ હતી!

*'મમતા'ની વાર્તાસ્પર્ધા ૨૦૨૪માં નોંધપાત્ર વાર્તા.*
*'મમતા'માં ઑગસ્ટ ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત.*